પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૯૨ | ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૧, બુધવાર; ભાદરવા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મોદી-બાઈડેન વચ્ચે ૨૪મીએ અફઘાન મુદ્દે મંત્રણા

**વડાપ્રધાન આજે અમેરિકાના પ્રવાસે રવાના થશે : મોદી યુએસમાં ક્વાડ સમૂહની પહેલી ઈન-પર્સન મીટમાં સામેલ થશે, વડાપ્રધાન સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલીને પણ સંબોધન કરશે**

નવી દિલ્હી, તા.૨૦

વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે અમેરિકાના પ્રવાસે જઈ રહ્યા છે. કોરોના સંકટના કારણે છ મહિના બાદ પીએમ મોદી વિદેશ યાત્રા કરશે. અમેરિકાના આ પ્રવાસ પર પીએમ મોદી પહેલીવાર રાષ્ટ્રપતિ જો બાઈડનને મળશે. પીએમના આ પ્રવાસમાં ક્વાડ સમૂહની સાથે-સાથે આતંકવાદ અને અફઘાનિસ્તાન પર પણ વાત થશે. ક્વાડ સમૂહની બેઠકમાં ચીન, કોવિડ સંકટ અને ક્લાઈમેટ ચેન્જ પર પણ વાત થઈ શકે છે. પીએમ મોદી અહીં ક્વાડ સમૂહની પહેલી ઈન-પર્સન મીટમાં સામેલ થશે. જેનુ ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકા પણ ભાગ છે. પીએમ સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલીને પણ સંબોધિત કરશે. પીએમ મોદી ૨૩ સપ્ટેમ્બર સવારે અમેરિકાના ટોપ સીઈઓ ને મળશે. આમાં એપ્પલના સીઈઓ ટિમ કુક પણ સામેલ છે. આ દિવસે પીએમ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથે મળી શકે છે. ૨૩ સપ્ટેમ્બરે જ પીએમ મોદી ઓસ્ટ્રેલિયાના પોતાના સમકક્ષથી દ્વીપક્ષીય મીટિંગ કરશે. આ સાથે-સાથે



અમેરિકી રાષ્ટ્રપતિ ક્વાડ દેશોના નેતાઓના ડિનરની મેજબાની કરશે. ૨૪ સપ્ટેમ્બરે પીએમ મોદી વ્હાઈટ હાઉસમાં જો બાઈડન સંગ દ્વિપક્ષીય ચર્ચા કરશે. પીએમ મોદી સંગ દ્વિપક્ષીય મીટિંગ બાદ ક્વાડ દેશોના પીએમ બાઈડન સંગ વ્હાઈટ હાઉસમાં મીટિંગ પણ કરશે. જેમાં ચીન દ્વારા ભારત-પ્રશાંત ક્ષેત્રમાં પેદા કરવામાં આવેલી અશાંતિ પર ચર્ચા થશે. તાજેતરમાં જ યુએસ, ઓસ્ટ્રેલિયા અને યુકેએ એક ડિફેન્સ ડીલ સાઈન કરી છે. એયુકેયુએસ ડીલમાં ઓસ્ટ્રેલિયા પરમાણુ પૉવર વાળી સબમરીન બનાવાશે. આ સિવાય ક્વાડ બેઠકમાં કોરોના સંકટ, વેક્સિન વગેરે પર પણ વાત થશે. વિદેશ મંત્રી એસ જયશંકર પહેલા જ જણાવી ચૂક્યા છે કે ક્વાડનો હેતુ માત્ર ક્ષેત્ર વિશેષની સુરક્ષા સુધી સીમિત નથી. જેમાં ક્લાઈમેટ ચેન્જ, શિક્ષણ જેવા મુદ્દે પર પણ ચર્ચા થઈ શકે છે. પીએમ મોદી વૉશિંગ્ટનથી ન્યુ યોર્ક જશે. ત્યાં તે યુએન જનરલ એસેમ્બલીના ૭૬માં સેશન દરમિયાન જનરલ ડિબેટને સંબોધિત કરશે.

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં CIA પર દુનિયાનો સૌથી રહસ્યમય હુમલો થયો : મહાસત્તા અમેરિકા પણ લાચાર

**અત્યાર સુધી ૨૦૦થી વધુ કર્મી, અધિકારીઓ અને એમના પરિવારો હવાના સિન્ડ્રોમનો શિકાર બની ચૂક્યા છે**

નવી દિલ્હી, તા.૨૧

દુનિયાના સૌથી રહસ્યમય હુમલાઓમાં સામેલ હવાના સિન્ડ્રોમ ભારતમાં પણ દસ્તક આપી ચૂક્યું છે. હવાના સિન્ડ્રોમ પડછાયાની જેમ અમેરિકા અને એના અધિકારીઓનો પીછો કરી રહ્યું છે, જેની સામે મહા શક્તિશાળી અમેરિકા પણ લાચાર જોવા મળી રહી રહ્યું છે. અમેરિકાની ગુપ્ત એજન્સી સૈંછના પ્રમુખ વિલિયમ બર્ન્સ આ મહિને ભારત આવ્યા હતા. બર્ન્સ તાલિબાની સત્તા પર ભારત સાથે ચર્ચાના હેતુસર આવ્યા હતા, પરંતુ અહીં એમણે એક મોટી મુસીબતનો સામનો કરવો પડ્યો હતો. સીઆઈએ પ્રમુખની ટૂકડીના



એક સભ્ય પર હવાના સિન્ડ્રોમની જેમ રહસ્યમય હુમલો થયો અને તેણે અમેરિકા સારવાર કરાવવી પડી હતી. એક મીડિયા રિપોર્ટ મુજબ સીઆઈએના અધિકારીને સતત હવાના સિન્ડ્રોમના લક્ષણ દેખાઈ રહ્યા છે. જેના ખુલાસા પછી વિલિયમ બર્ન્સ ગુસ્સે ભરાયા હતા.

રહસ્યમય હવાના સિન્ડ્રોમથી અત્યાર સુધી અમેરિકાના ૨૦૦ની આસપાસ અધિકારીઓ અને એમના પરિવાર બીમાર થઈ ચૂક્યા છે. હવાના સિન્ડ્રોમથી પીડિત લોકોમાં માથાનો દુખાવો, ઉલટી, યાદશક્તિ ગુમાવવી, ચક્કર આવવા જેવા લક્ષણો સામેલ છે. આ બિમારી વિશે સૌથી પહેલો ખુલાસો ૨૦૧૬માં ક્યૂબાની રાજધાની હવાનાથી સામે આવ્યો હતો. હવાનામાં અમેરિકાના દૂતાવાસના અનેક અધિકારીઓ હવાના સિન્ડ્રોમનો શિકાર બન્યા હતા. હવાના સિન્ડ્રોમથી હવે અમેરિકા અને કેનેડાના જાસૂસ અને દૂતાવાસના કર્મચારીઓ આખી દુનિયામાં સામનો કરી રહ્યા છે. ગત ઓગસ્ટમાં અમેરિકાની વાઈસ પ્રેસિડન્ટ કમલા હૈરિસે વિયતનામની રાજધાની હનોઈમાં હવાના સિન્ડ્રોમના શંકાસ્પદ કેસ પછી પોતાની મુલાકાત રદ કરી હતી. અમેરિકાએ લાંબી તપાસ પછી લેઝર હથિયારોના ઉપયોગને લઈને મોટો ખુલાસો કર્યો છે.

# દેશમુખે ૧૭ કરોડની આવક છૂપાવાયાની માહિતી મળી

**મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રીના સંસ્થાનો પર દરોડા : દેશમુખ પર રૂપિયાની ગેરકાયદે લેવડદેવડ સહિત અન્ય કેસ નોંધાયા છે જેની સીબીઆઈ અને ઈડી દ્વારા તપાસ**

મુંબઈ, તા.૨૧

મહારાષ્ટ્રના પૂર્વ ગૃહ મંત્રી અનિલ દેશમુખ અને તેમના પરિજનો સાથે સંબંધિત સંસ્થાનો પર તાજેતરમાં જ દરોડા બાદ ઈનકમ ટેક્સ વિભાગે ૧૭ કરોડ રૂપિયાની આવક છુપાવવાની જાણકારી મેળવી લીધી છે. સત્તાકીય સૂત્રોએ સોમવારે આ જાણકારી આપી. તેમણે જણાવ્યુ કે ઈનકમ ટેક્સે રાષટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા સાથે જોડાયેલા નાગપુર સ્થિત ન્યાસમાં નાણાંકીય ગડબડની જાણકારી મેળવી છે જે ત્રણ શૈક્ષણિક સંસ્થાન ચલાવે છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સએ કહ્યુ, તપાસ દરમિયાન મળેલા પુરાવાથી સ્પષ્ટ થાય છે કે ૧૭ કરોડ રૂપિયાની આવક છુપાવવામાં આવી હતી. સીબીડીટીએ કહ્યુ કે ૧૭ સપ્ટેમ્બરે નાગપુરની એક પ્રમુખ સાર્વજનિક હસ્તી અને તેમના પરિજનોના નાગપુર, મુંબઈ, દિલ્હી અને કલકત્તા સ્થિત ૩૦ ઠેકાણા પર દરોડા પાડવામાં આવ્યા છે. સત્તાકીય સૂત્ર અનુસાર આ કાર્યવાહી દેશમુખ વિરૂદ્ધ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કેટલીક બેક્નના લોકર પર પ્રતિબંધિત હુકમ લાગુ કરવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના પૂર્વ ગૃહ મંત્રી ૭૧ વર્ષીય દેશમુખ પર રૂપિયાની ગેરકાયદે લેવડદેવડ સહિત અન્ય કેસ નોંધાયા છે જેની સીબીઆઈ અને ઈડી તપાસ કરી રહ્યા છે. અગાઉ મુંબઈમાં વસૂલી કાંડમાં અનિલ દેશમુખ વિરૂદ્ધ ઈડીએ લુકઆઉટ નોટિસ જારી કરી હતી. નોટિસ જારી થયા બાદ અનિલ દેશમુખ દેશ છોડીને જઈ શકતા નથી. દેશમુખ પર આરોપ છે કે તેમણે મહારાષ્ટ્રના ગૃહ મંત્રી રહેતા ૧૦૦ કરોડથી વધારેની વસૂલી કરાવી હતી.

# કોવિશીલ્ડ મુદ્દે યુકેએ ભેદભાવ કર્યાનો આક્ષેપ

**કોવિશીલ્ડની માન્યતા ન આપવાની ભેદભાવપૂર્ણ નીતિથી સામે ભારતનો વિરોધ, વળતી કાર્યવાહી કરવા ચીમકી**

નવી દિલ્હી, તા.૨૧

ભારત સરકારનું કહેવું છે કે બ્રિટને કોરોના વેક્સિન કોવિશીલ્ડને માન્યતા ન આપીને ભેદભાવપૂર્ણ વલણ અપનાવ્યું છે. સાથે તે પણ કહ્યું કે, જો તેનું કોઈ સમાધાન નિકળશે નહીં તો જવાબી કાર્યવાહી કરવામાં આવશે. વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલાએ આજે કહ્યુ કે, યૂકે સરકારનો કોવિશીલ્ડને માન્યતા ન આપવાનો નિર્ણય 'ભેદભાવપૂર્ણ' છે. તેમણે તે પણ કહ્યું કે, પારસ્પરિક ઉપાય કરવાનો અધિકાર ની અંદર આવે છે. તેમણે આગળ કહ્યું- કોવિશીલ્ડની બિન-માન્યતા એક ભેદભાવપૂર્ણ નીતિ છે અને યૂકેની યાત્રા કરનાર આપણા નાગરિકોને પ્રભાવિત કરે છે. વિદેશ મંત્રીએ બ્રિટનના નવા વિદેશ સચિવ સમક્ષ આ મુદ્દાને મજબૂતીથી ઉઠાવ્યો છે. મને જણાવવામાં આવ્યું છે કે આશ્વાસન આપવામાં આવ્યું કે, આ મુદ્દાનો ઉકેલ લાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે બ્રિટને પોતાના કોવિડ-૧૯ અવરજવરના નિયમોમાં ફેરફાર કર્યા છે પરંતુ આ સાથે એક નવા વિવાદને જન્મ આપી દીધો છે.

બ્રિટન પર આરોપ લાગી રહ્યો છે કે તે ભારતની સાથે ભેદભાવ કરી રહ્યું છે. બ્રિટન સરકાર પર હવે ભારતથી આવનારા યાત્રીકો માટે નક્કી નિયમોની સમીક્ષા કરવાનું દબાણ વધી રહ્યું છે. આવું એટલા માટે કારણ કે બ્રિટનના નવા નિયમો હેઠળ કોવિશીલ્ડ વેક્સિન લેનારાનું રસીકરણ થયેલું માનવામાં આવશે નહીં, જ્યારે ઓક્સફોર્ડ એસ્ટ્રાઝેનેકા વેક્સીન લીધેલા લોકોને માન્યતા આપવામાં આવી છે. ભારતમાં મોટાભાગના લોકોને કોવિશીલ્ડ વેક્સીન લાગી છે.

# ભારતની સરહદ પર ચીનની સેનાનો રાત્રે યુધ્ધાભ્યાસ શરૂ

**ભારતની સરહદને અડીને ચીનની ઉશ્કેરણી : ચીનની સેનાના વેસ્ટર્ન થીયેટર કમાન્ડ દ્વારા હિમાલયની સીમા પાસે તૈનાત પોતાના સૈનિકો માટે નાઈડ ડ્રીલ શરૂ**



નવી દિલ્હી, તા.૨૧

લદ્દાખ મોરચે ભારતની સરહદને અડીને ચીન અવાર નવાર ઉશ્કેરણી જનક હરકતો કરી રહ્યુ છે. હવે ચીનની સેનાએ ભારતની સરહદ નજીક રાત્રીના સમયે યુધ્ધ કરવાનો અભ્યાસ શરૂ કર્યો છે. એક અંગ્રેજી અખબારના અહેવાલ પ્રમાણે ચીનની સેનાના વેસ્ટર્ન થીયેટર કમાન્ડ દ્વારા હિમાલયની સીમા પાસે તૈનાત પોતાના સૈનિકો માટે નાઈડ ડ્રીલ શરૂ કરી છે. જેની પાછળનો હેતુ સૈનિકોને અત્યાધુનિક હથિયારો અને ઉપકરણોની તાલીમ આપવાનો છે. આ અહેવાલમાં ચીનના મીડિયાને ટાંકીને કહેવાયુ છે કે, સૈનિકો સંખ્યાબંધ વિસ્તારમાં ૫૦૦૦૦ મીટરની ઉંચાઈ પર રાત્રીના સમયે યુધ્ધ લડવાનો અભ્યાસ કરી રહ્યા છે. ચીનની સેનાના અધિકારીઓના કહેવા પ્રમાણે સૈનિકોને ઉંચાઈવાળા વિસ્તારો પર પ્રશિક્ષણ અપાઈ રહ્યુ છે. કારણકે વધતા જતા પડકારો વચ્ચે સૈનિકોએ કઠોર રીતે યુધ્ધ લડવા માટેના માહોલને પહોંચી વળવા તૈયાર રહેવુ જરૂરી છે. રાતના અંધારામાં સૈનિકો બર્ફિલા વિસ્તારોના શીખરોને પાર કરી રહ્યા છે. આ અભ્યાસ લાઈવ ફાયર છે અને તેમાં મશીનગનનો ઉપયોગ કરાઈ રહ્યો છે. સાથે સાથે સેના દ્વારા નવા મલ્ટીપલ રોકેટ લોન્ચર સિસ્ટમનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. જેથી સૈનિકોને તેનો સચોટ ઉપયોગ કેવી રીતે કરવો તેની પ્રેક્ટિસ કરાવી શકાય.

# હિંદુઓની વસતી ઓછી થઈ ત્યાં સમસ્યા : મોહન ભાગવત

**ભારતની સમસ્યાના સમાધાન માટે હિન્દુ સમાજ સંગઠિત થાય તે જરૂરી હોવા પર ભાર મુકતા આરએસએસના વડા**

ઉદેપુર, તા.૨૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો.મોહન ભાગવતનું કહેવું છે કે, જ્યાં જ્યાં અલગ અલગ કારણોસર હિન્દુઓની વસતી ઓછી થઈ છે ત્યાં સમસ્યાઓ ઉભી થઈ છે. ઉદેપુરમાં એક કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, હિન્દુ રાષ્ટ્રથી જ વિશ્વનું કલ્યાણ થશે. કોરોનાકાળમાં સંઘના સ્વયંસેવકો જે રીતે નિસ્વાર્થ ભાવથી લોકોની સેવા કરી છે તે સાચું હિન્દુત્વ છે. ભારતની સમસ્યાઓના સમાધાન માટે હિન્દુ સમાજ સંગઠિત થાય તે જરૂરી છે. આપણે બધા ભારત માતાના સંતાનો છે અને હિન્દુ એટલે કે સનાતન સંસ્કૃતિને માનનારા લોકો છે. સનાતન સંસ્કૃતિના સંસ્કાર વિશ્વનું કલ્યાણ કરી શકે છે. શાંતિ અને સત્ય હિન્દુઓની વિચારધારા છે. આપણે હિન્દુ નથી તેવું અભિયાન દેશ અને સમાજને નબળો પાડવા માટે ચલાવવામાં આવી રહ્યું છે. ભાગવતે કહ્યુ હતુ કે, સંઘના સ્થાપક ડો.હેડગેરવારે અનુભવ કર્યો હતો કે, ભારતની જે વિવિધતા છે તેમાં એકતાનો ભાવ રહેલો છે. યુગોથી આ પુણ્ય ભૂમિ પર રહેનારા પૂર્વજોના આપણે વંશજ છે અને આપણે બધા હિન્દુ છે. આ પ્રકારની ભાવના હિન્દુત્વ છે. ડો.હેડગેવારે પોતાના વ્યકતિગત સ્વાર્થને બાજુ પર મુકીને દેશ માટે કામ કરવાનો રસ્તો પસંદ કર્યો હતો.

# કેરળના રિક્ષા ચાલકને ૧૨ કરોડ રૂપિયાની લોટરી લાગી

**૫૬ વર્ષીય જયપાલન ૯૫ વર્ષીય માતા, પત્ની અને બે બાળકો સાથે રહે છે, ટીવી પરથી લોટરીના વિજેતા થયા**

કોચિ, તા.૨૧

૫૬ વર્ષીય જયપાલન પીઆરે વિચાર્યુ પણ નહીં હોય કે તેઓ એક દિવસ ૧૨ કરોડ રુપિયાના માલિક બની જશે. ગરીબ અને મધ્યમ પરિવારના લોકો માટે આટલી મોટી રકમ પ્રાપ્ત કરવીએ કોઈ સ્વપ્ર સમાન જ હોય છે. અને જયપાલનતો વ્યવસાયે રીક્ષાચાલક છે, તેમના માટે રીક્ષા ચલાવીને આટલી મોટી રકમ ભેગી કરવી લગભગ અશક્ય હતી. લોકો તેમને ઓટો વાળા ભાઈ કહીને બોલાવતા હતા પરંતુ આજે આખું કેરળ તેમના વિષે જાણવા ઉત્સુક છે. જયપાલન કોચિ પાસે મરાડુમાં પોતાના ૯૫ વર્ષીય માતા, પત્ની અને બે બાળકો સાથે રહે છે. તેમણે પોતાના બાળકોના સુવર્ણ ભવિષ્ય માટે ખૂબ મહેનત કરી. જો કે, હવે તેમનું જીવન સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. હવે તે કરોડો રુપિયાના માલિક બની ગયા છે અને તેઓ પોતાના સપના સાકાર કરશે. જયપાલન રીક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.

# ૨૦૨૨માં કંપનીઓ સરેરાશ ૮.૬ ટકાનો પગાર વધારશે

**કોરોનાનું જોર ઓછું થયા બાદ અર્થતંત્રમાં સુધારો**

નવી દિલ્હી, તા.૨૧

કોરોનાની બીજી લહેરનુ જોર ઓછુ થઈ ગયા બાદ દેશના અર્થતંત્રમાં સુધારો જોવા મળી રહ્યો છે અને તેના પગલે ૨૦૨૨માં કંપનીઓ પોતાના કર્મચારીઓના પગારમાં સરેરાશ ૮.૬ ટકાનો વધારો કરે તેવી આશા છે. એક સર્વે પ્રમાણે કોર્પોરેટ જગતે ૨૦૨૧માં પણ પોતાના કર્મચારીઓના પગારમાં આઠ ટકા જેટલો વધારો કરેલો છે. આઈટી સેક્ટર એક માત્ર એવુ સેકટર રહેશે જ્યાં કંપનીઓ પોતાના કર્મચારીઓને ૧૦ ટકા અથવા તેના કરતા વધારે પગાર વધારો આપશે. તેનાથી ઉલટુ રીટેલ સેક્ટર, હોસ્પિટાલિટી સેક્ટર, રિયલ એસ્ટેટ કંપનીઓ પોતાના કર્મચારીઓને સૌથી ઓછો પગાર વધારો આપશે. સર્વે પ્રમાણે ૯૨ ટકા કંપનીઓએ ૨૦૨૦માં કર્મચારીઓના પગારમાં માંડ ૪.૪ ટકાનો વધારો કર્યો હતો. ઉપરાંત ૬૦ ટકા કંપનીઓ જ એવી હતી જેણે પગાર વધારો આપ્યો હતો. આ વખતે સર્વેમાં ૪૫૦ કંપનીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને કંપનીઓનુ કહેવુ છે કે, કર્મચારીઓના પરફોર્મન્સના આધારે પગાર વધારો કરવાનુ ચાલુ રખાશે. દરમિયાન એન્જિનિયરિંગ, લોજિસ્ટિક અને ખેતી આધારિત ઉદ્યોગો સહિત બીજા ક્ષેત્રોમાં નોકરીઓમાં એકાદ ટકા જેટલો જ વધારો જોવા મળ્યો છે. જોકે નોકરીઓ માટેની જાહેરખબરોમાં ઓગસ્ટ મહિનાના મુકાબલે આ મહિનામાં ચૌદ ટકાનો વધારો જોવા મળ્યો છે. જે આગામી દિવસોમાં જોબ માર્કેટમાં સુધારાનો સંકેત છે.

# દેશમાં કોરોના નવા ૨૬૧૧૫ કેસ

**રસીકરણ અભિયાન હેઠળ ૮૧ કરોડ ૮૫ લાખથી વધુ ડોઝ અપાયા, એક દિનમાં ૯૬ લાખ લોકોને રસી અપાઇ**

નવી દિલ્હી,તા.૨૧

દેશમાં કોરોના વાયરસ સંક્રમણના નવા કેસોમાં ફરી ઘટાડો નોંધાયો છે. સૌથી વધુ સંક્રમણના કેસ કેરળમાં નોંધાયા છે. અહીં એક દિવસમાં ૧૫ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે. મહારાષ્ટ્રમાં અઢી હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે. ગુજરાતમાં કોવિડ-૧૯ની સ્થિતિ ઘણે અંશે કાબૂમાં છે. ગુજરાતમાં છેલ્લા ચોવીસ કલાકમાં માત્ર ૧૪ લોકો સંક્રમિત થયા છે. કેન્દ્રીય આરોગ્ય વિભાગે મંગળવાર સવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨૬,૧૧૫ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૨૫૨ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૩૫,૦૪,૫૩૪ થઈ ગઈ છે. આ ઉપરાંત, દેશમાં કુલ ૮૧,૮૫,૧૩,૮૨૭ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯૬,૪૬,૭૭૮ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. કોરોના વાયરસ મહામારી સામે લડીને ભારતમાં ૩ કરોડ ૨૭ લાખ ૪૯ હજાર ૫૭૪ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩૪,૪૬૯ દર્દીઓ સાજા થયા છે.

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

ગાંધીનગર માટે
આપનું LED TV, બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬